## વાપી મહાપાલિકાની વિવિધ કમિટીઓની આજે રચના થશે

**ટીપી,** બાંધકામ, પાણી, આરોગ્ય સહિત ડઝન જેટલી કમિટીઓમાં ચેરમેન બનવા આતુરતાનો અંત




વાપી: વાપી મહાનગરપાલિકાની પહેલી સભામાં મેયર,ડપ્યુટી મેયર તેમજ સ્થાયી સમિતિના ચેરમેન, સ્થાયી સમિતિની રચના બાદ મંગળવારે મળનારી સામાન્ય સભામાં વિવિધ કમિટી તેમજ તેના ચેરમેનની વરણી થશે.

સત્તાધારી ભાજપ દ્વારા મોવડી મંડળ તરફથી જે મેન્ડેડ આવશે તે પ્રમાણે સમિતિઓના ચેરમેન બનાવવામાં આવશે. વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ તેમજ સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલની વરણી બાદ હવે અન્ય કમિટીઓની રચના માટે મંગળવારે વાપીના પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ ઓડીટોરિયમમાં સવારે ૧૧.૩૦ કલાકે સામાન્ય સભા મળશે. મ્યુન્સિપલ કમિશનર એન.એફ.ચૌધરી સહિત અધિકારીઓ તેમજ ચૂંટાયેલા કોર્પોરેટર ઉપસ્થિત રહેશે.

આ સામાન્ય સભામાં સ્થાયીસમિતિએ જે ૪૨ કામોને મંજૂર કર્યા છે તેને બહાલી આપવામાં આવશે. તેમજ વિવિધ કમિટીઓના ચેરમેન તથા કમિટીઓની રચના કરવામાં આવશે. આ ઉપરાંત મુખ્યમંત્રી શહેરી બસ સેવા હેઠળ ચાલતી સિટી બસના રૂટ તેમજ તેના સમયપત્રકને મંજૂરી આપવામાં આવશે.

## વલસાડ જિલ્લામાં સામાન્ય વરસાદ

**ધીમીધારના** વરસાદના કારણે લોકો અસહ્ય બફારામાંથી છૂટ્યા, વાપીમાં એક છાંટો ન પડ્યો



વલસાડ: જિલ્લામાં લાંબા વિરામ અને અસહ્ય ઉકળાટ બાદ આખરે આજે મેઘરાજાએ ફરી એકવાર ધમાકેદાર ઈનિંગની શરૂઆત કરી છે. સવારથી જ આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા બાદ સમગ્ર જિલ્લામાં ધીમી ગતિએ વરસાદની શરૂઆત થઈ હતી. આ ધીમી ધારના વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને લાંબા સમયથી ગરમીથી તોબા પોકારી ઉઠેલા લોકોને મોટી રાહત મળી છે.

આજના સત્તાવાર વરસાદી આંકડાઓ પર નજર કરીએ તો, જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં મેઘમહેર જોવા મળી છે. જેમાં સૌથી વધુ વરસાદ સરહદી અને અંતરિયાળ વિસ્તારોમાં નોંધાયો છે. નાનાપોંઢા અને ઉમરગામ તાલુકામાં ધોધમાર 25-25 મિમી વરસાદ ખાબક્યો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ છે.આ સિવાય જિલ્લાના અન્ય તાલુકાઓની વાત કરીએ તો, પારડી તાલુકામાં 17 મિમી અને કપરાડા તાલુકામાં 15 મિમી વરસાદ નોંધાયો છે. જ્યારે વલસાડ તાલુકામાં 13 મિમી વરસાદી પાણી પડ્યું છે. ધરમપુર તાલુકામાં માત્ર 1 મિમી વરસાદ સાથે સામાન્ય ઝાપટું જ નોંધાયું હતું. આ બધાની વચ્ચે ઔદ્યોગિક નગરી વાપીમાં આજે મેઘરાજા રિસાયા હોય તેમ 0 મિમી એટલે કે બિલકુલ વરસાદ નોંધાયો નથી, જેના કારણે વાપીવાસીઓને હજુ પણ બફારાનો સામનો કરવો પડી રહ્યો છે.

ધીમી ગતિએ શરૂ થયેલા આ વરસાદને પગલે જિલ્લાના ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વાવણી લાયક વરસાદની આશામાં બેઠેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. હાલમાં પણ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ બનેલું છે અને આગામી કલાકોમાં વરસાદનું જોર વધે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સેલવાસથી ગાંજો લાવી કરવડમાં વેચનારો યુવાન ઝડપાયો

વાપી: પોલીસને મળેલી બાતમી આધારે, વાપી નજીકના કરવડ, આદર્શનગર સ્થિત સંજય યાદવની ચાલમાં વર્ણવેલ સ્થળે રેઈડ કરી હતી. રૂમમાં એક ઈસમ હાજર હોય તેનું નામઠામ પૂછતા આરીફ સમીમ અખતર ચુડીહાર (ઉં.28, મૂળ યુપી) હોવાનું જણાવ્યું હતું. પોલીસ દ્વારા રૂમની તપાસ હાથ ધરતા એક પ્લાસ્ટીકની થેલીમાંથી શંકાસ્પદ વનસ્પતિજન્ય માદક પદાર્થ મળી આવ્યો હતો અને તે અંગે પૂછતા ગાંજો હોવાનું જણાવતો હતો. પોલીસે એફએસએલ ટીમને બોલાવી તપાસ કરતા ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે વધુ પૂછતાછ કરતા આ ગાંજાનો જથ્થો સંઘપ્રદેશ દાનહના સેલવાસ, દાદરા, દામોદરથી એક ઈસમ પાસેથી છૂટકમાં વેચાણ કરવા માટે ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. મળી આવેલ ગાંજાનો જથ્થો 334 ગ્રામ (કિંમત 16,700/-) હતો. પોલીસે ગાંજાનો જથ્થો, મોબાઈલ ફોન અને રોકડા 1300 મળી કુલ રૂા.23,000/-નો મુદ્દામાલ કબજે કરી બંને સામે નાર્કોટિક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ અગાઉ પણ વાપી ઉદ્યોગનગર પોલીસે ભડકમોરા, નાની સુલફડ, પ્રાથિમક સ્કૂલની પાછળ, બિલ્ડીંગના ચાલુ બાંધકામવાળી જગ્યાએ રેઈડ કરી અનિતાબેન કિરણભાઈ હળપતિ (ઉં.28, રહે. ભડકમોરા, વાપી) પાસેથી પલંગના પુંઠાના બોક્ષમાંથી 275 ગ્રામ (કિંમત 13,750/-)નો ગાંજો ઝડપી પાડયો હતો.

### પાણીખડક સંસ્કાર વિદ્યામંદિરમાં 300 વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ



ખેરગામ: ખેરગામ તાલુકાના પાણીખડક ગામની સંસ્કાર વિદ્યામંદિર ખાતે અભ્યાસ કરતા 300 વિદ્યાર્થીઓને પ્રગટેશ્વર મહાદેવ મંદિર સેવા સમિતિના ધર્માચાર્ય પ્રભુ દાદાના હસ્તે વિનામૂલ્યે નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓએ પ્રગટેશ્વર મહાદેવ મંદિર સેવા સમિતિ અને પરભુ દાદા આછવણીનો આ સેવાકીય કાર્ય બદલ આભાર વ્યક્ત કર્યો.

### ચલામાં જૂની અદાવતમાં બે મિત્ર પર ચપ્પુ વડે હુમલો

વાપી: મૂળ યુપી અને હાલ ચલા સ્થિત કંચનજંગા સોસાયટીના ભાડાના મકાનમાં રહેતા સોમ ઉર્ફે કરન મનોજસીંગ શોભા સીંગ (ઉં.વ.20) રહે છે. દોઢેક મહિના અગાઉ ફિરદોશ ઉર્ફે સોનુ મીનાજુલ મોંડલ (રહે., કંચનજંગા સોસાયટી, ચલા-વાપી)એ બહેનને ઈન્સ્ટાગ્રામ ઉપર મેસેજ કર્યો હોય જે અંગે કહેવા જતાં ઝઘડો થયો હતો અને તે બાદ સમાધાન થયું હતું. ગત તા.28-6-26 ના રોજ રાત્રિનએ જગન પાર્કની સામે ખુલ્લી જગ્યામાં એ અદાવતમાં ફિરદોશે ઢીક્કામુક્કીનો માર માર્યો હતો અને ચપ્પુ કાઢી સોમના મિત્ર રાજ અજયસીંગને ઉપરા-છાપરી ઘા માર્યા હતા અને છોડાવવા જતાં સોમને પણ માર્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ સોમ સીંગે વાપી ટાઉન પોલીસ મથકમાં ફિરદોશ મોંડલ સામે ફરિયાદ નોંધાવી હતી.

### તીસ્કરી-તલાટ ગામેથી વૃદ્ધ ગુમ

ધરમપુર: ધરમપુર તાલુકાના તીસ્કરી-તલાટ ગામેથી 67 વર્ષીય વૃદ્ધ રહસ્યમય રીતે ગુમ થતાં ધરમપુર પોલીસ મથકે ગુમ થયાની નોંધ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર, તીસ્કરી-તલાટના હેટી ફળિયામાં રહેતા જીવણભાઈ ગાભણભાઈ ગાયકવાડ (ઉં.67) તા. 22 જૂને સવારે આશરે 6 વાગ્યે પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગયા હતા. ત્યારબાદ તેઓ પરત ન ફરતા શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ કોઈ ભાળ મળી નહોતી. આ બાબતે અશ્વિનભાઈ ફુલજીભાઈ ચૌધરીએ ધરમપુર પોલીસ મથકે ગુમ થયાની જાણ કરી હતી.

### ધરમપુરમાં ચૈતર વસાવાના સમર્થનમાં રેલી કાઢનારા 8ની અટકાયત

ધરમપુર: ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં સોમવારે ધરમપુરમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ રેલી યોજાઈ હતી. તાલુકાના માજી ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ, તાલુકા પ્રમુખ કમલેશભાઈ પટેલ, પક્ષના કાર્યકરો, આદિવાસી સમાજના આગેવાનો તેમજ યુવાનો રેલીમાં જોડાયા હતા. ધરમપુરના ત્રણ દરવાજા ખાતેથી શરૂ થયેલી રેલી એસ.એમ. હાઈસ્કૂલ નજીક પહોંચતા પોલીસ દ્વારા રોકી (ડીટેઇન) લેવામાં આવી હતી. રેલી દરમિયાન કાર્યકરોએ હાથમાં બેનરો અને પોસ્ટરો સાથે ચૈતર વસાવા જિંદાબાદ સહિતના નારા લગાવી ધારાસભ્ય સામે થઈ રહેલા કથિત અન્યાયનો વિરોધ નોંધાવ્યો હતો. આ પ્રસંગે તાલુકા આમ આદમી પાર્ટીના પ્રમુખ કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ચૈતર વસાવા આદિવાસી સમાજના મજબૂત અવાજ છે અને તેઓ વિધાનસભામાં પ્રજાના પ્રશ્નોને અસરકારક રીતે રજૂ કરે છે. તેમની સામે થઈ રહેલી કાર્યવાહી રાજકીય બદલાની ભાવનાથી પ્રેરિત હોવાનું તેમણે આક્ષેપ કર્યો હતો. માજી ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે જો ચૈતર વસાવાને ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેના માટે સરકાર જવાબદાર રહેશે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રેલીમાં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો, આદિવાસી સમાજના આગેવાનો અને સ્થાનિક નાગરિકોએ ઉપસ્થિત રહી ચૈતર વસાવાના સમર્થનમાં એકતા વ્યક્ત કરી હતી. ધરમપુના પીઆઇ નિખિલ ભોયાએ કાયદા વ્યવસ્થાના ભાગરૂપે આપના કાર્યકર્તાઓને ધરમપુર પોલીસ મથકે લઇ આવ્યા બાદ બપોરે છોડી દીધા હતાં.

### ધરમપુરના ભાનવળમાં મહિલાએ ઝેરી દવા પી મોતને વ્હાલું કર્યું

ધરમપુર: ધરમપુરના ભાનવળ ગામના પાટા ફળિયામાં રહેતી 35 વર્ષીય મહિલાનું ઝેરી દવા પી લઈ મોત વ્હાલું કર્યું હતું. હંસાબેન બાબુભાઈ સકારામભાઈ દળવી (ઉં.વ.35)એ 28 જૂનની રાત્રે પોતાના નિવાસસ્થાને ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવાની કાર્યવાહી કરી હતી, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. પોલીસની પ્રાથમિક નોંધ મુજબ, હંસાબેન છેલ્લા કેટલાક સમયથી અંગત કારણોસર દુ:ખી હતા અને તે સંજોગોમાં આ પગલું ભર્યું હોવાની માહિતી સામે આવી છે. જોકે પોલીસે કોઈ અંતિમ નિષ્કર્ષ જાહેર કર્યો નથી.

### વાપીના ડુંગરામાં હોર્ન મારી ભેંસને માર્ગમાંથી દૂર કરવાના મામલે માર માર્યાની ફરિયાદ

વાપી: વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સંઘપ્રદેશ દાનહના સેલવાસ આમલીમાં રાજેશ નંદકુમાર પરદેશી (ઉં.38) રહે છે. તેઓ ફોર વ્હીલ ગાડીમાં તેમના ઓળખીતા કોન્ટ્રાકમાં કામ કરનારા વર્કરોને વાપી ડુંગરાના દમણગંગા ઈન્ડસ્ટ્રીયલવાળા સ્થળોએથી બેસાડી સેલવાસ ઉતારવા જાય છે. ગત તા.28-6-26 ના રોજ રાબેતા મુજબ ગાડી લઈને આવ્યો હતો અને વર્કરોને બેસાડી વાપી ડુંગરા બુલેટ ટ્રેનના બ્રીજથી નજીક દમણગંગા ઈન્ડસ્ટ્રીયલ તરફ જતા માર્ગ પર પહોંચ્યા ત્યારે એક ઈસમે ભેંસો રોડ ઉપર ઉભી રાખી હતી જેથી તેઓએ ભેંસોને હોર્ન મારી સાઈડ ઉપર કરતો હતો તે સમયે એક ભેંસ ભડકીને ભાગી હતી. જેથી ભેંસના માલિકને લાગ્યુ કે કારની ટક્કર મારી છે અને તેઓ ઉશ્કેરાઈને ગાડીમાં ઢીક્કામુકી કરી હતી અને ગાડીમાંથી નીચે ઉતરતા તેણે પથ્થર ઉંચકીને મોં પર છૂટ્ટો માર્યો હતો. જે બાદ ભેંસના માલિકનો છોકરો ડંડો લઈને ત્યાં પહોંચ્યો હતો અને માથા અને પીઠના પાછળના ભાગે સપાટા માર્યા હતાં. જે બાદ પોલીસને ફોન કરતા ટીમ આવી પહોંચી હતી. ચલા સીએચસી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં. મારામારી કરનારા નરેન્દ્ર જીવણભાઈ આહિર અને પુત્ર કેવીન આહિર (બંને રહે. ડુંગરા, દેવજી ફળિયા, વાપી) સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં રાજેશ પરદેશીએ ફરિયાદ નોંધાવી હતી.

## દમણના જમપોરનો મ્યુઝિકલ ફાઉન્ટન બન્યો પર્યટકોનું આકર્ષણ



દમણ: સંઘપ્રદેશ દમણના પ્રસિદ્ધ જમપોર દરિયા કિનારે શરૂ કરવામાં આવેલ કલરિંગ મ્યૂઝિકલ ફાઉન્ટન હાલ રાત્રિના સમયે પર્યટકો માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. દરિયા કિનારે તેમજ પક્ષીઘરની બાજુમાં વિકસાવવામાં આવેલા આ મ્યૂઝિકલ ફાઉન્ટનને નિહાળવા દરરોજ સાંજ પડતાં મોટી સંખ્યામાં સ્થાનિકો અને બહારથી આવેલા પર્યટકો ઉમટી રહ્યા છે. સંગીતની તાલે રંગીન પ્રકાશ સાથે આકાશ તરફ ઉછળતા પાણીના ફુવારા સમગ્ર વિસ્તારને જીવંત બનાવી દે છે, જેના કારણે જમપોર બીચની સુંદરતામાં વધારો થયો છે.

## પારડી પંથકમાં મેઘમહેર, હાઈવે સહિતના માર્ગો પર પાણી ફરી વળ્યાં

**ખેડૂતો** વાવણી માટે હજુ વધુ વરસાદની આશા સેવી રહ્યા છે




### વાપી વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ

છેલ્લા કેટલાક દિવસથી વાપી પંથકમાં ભારે ગરમી અને ઉકળાટ લોકો અનુભવી રહ્યા છે. સોમવારે સવારે ઠંડો પવન ફૂંકાયા બાદ વાદળછાયું વાતાવરણ દિવસભર રહ્યું હતું. વાદળો ઘેરાવાને કારણે વરસાદ પડશે તેવું લાગી રહ્યું હતું. વરસાદ થયો ન હતો અને ઠંડો પવન ફૂંકાવાને લઈ ગરમીથી થોડે અંશે રાહત અનુભવાઈ હતી.

પારડી: પારડી પંથકમાં વહેલી સવારથી મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી હતી. પારડી શહેર તથા તાલુકાના વિવિધ ક્ષેત્રોમાં વરસાદ પડ્યો હતો. વરસાદના આગમન સાથે જ અસહ્ય ગરમી અને બફારાથી હેરાન પરેશાન થતા લોકોને મોટી રાહત મળી છે અને સમગ્ર વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી ગઈ છે. વહેલી સવારથી વરસેલા વરસાદને કારણે હાઈવે સહિતના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતાં. જેના કારણે વાહનચાલકોને થોડી મુશ્કેલીનો સામનો પણ કરવો પડ્યો હતો. લાંબા સમયથી ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદ પડતાની સાથે જ ધરતીપુત્રોના ચહેરા ખીલી ઉઠ્યા છે અને ખેતીકામ માટે નવી આશા જાગી છે. વાવણી માટે હજી સતત મેઘ મહેરની ખેડૂતો આશા સેવી રહ્યા છે.

## સુખાલાના સરપંચ સામે 9 સભ્યોનો અવિશ્વાસ પ્રસ્તાવ

**સરપંચના** પુત્રની દખલથી નાણાંનો દુર્વ્યય થતો હોવાની પ્રસ્તાવમાં નોંધ

**ગ્રામપંચાયતના** ઠરાવમાં ચેડા થતા હોવાનો ઉલ્લેખ

વલસાડ: નાનાપોંઢા તાલુકાના સુખાલા ગ્રામપંચાયતમાં લાંબા સમયથી ચાલતા વિવાદ વચ્ચે સોમવારે ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ સહિત 9 સભ્યોએ સરપંચ વિરુધ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવાની દરખાસ્ત આસિસ્ટન્ટ તાલુકા વિકાસ અધિકારી નાનાપોંઢાને આપતા રાજકીય ક્ષેત્રે મોટું ગામ ગણાતા સુખાલા ગામ તાલુકામાં ખળભળાટ મચી ગયો છે.

સભ્યોએ પાઠવેલા પત્રમાં ગ્રામ પંચાયતનો વહીવટ બરાબર ચલાવવામાં આવતો નથી, સરપંચ પુત્રના દખલથી નાણાંનો દૂર્વ્યય થાય છે, ગ્રામપંચાયતના ઠરાવમાં ચેડા થયા છે સહિતની વિગતોનો ઉલ્લેખ કરાયો છે.

અવિશ્વાસની દરખાસ્તમાં દક્ષાબેન ગણેશભાઈ પટેલ, રણજીતભાઈ ઝીણાભાઈ પટેલ, દિનેશભાઈ બી. પટેલ, મધુબેન દીપકભાઈ પાડવી, પરિષદભાઈ નભુભાઈ ગાંવિત, સુનીલ જાદવ, છોટુભાઈ ખાલપભાઈ પટેલ, મંજુલાબેન જિગ્નેશભાઈ પટેલ, રેખાબેન વિજયભાઈ પટેલે સહી કરી હોવાનું જાણવા મળ્યું છે.

નાનાપોંઢાના તાલુકા વિકાસ અધિકારી પ્રીતેશભાઈ બારિયાએ જણાવ્યું કે, સુખાલા ગ્રામપંચાયતના ડેપ્યુટી સરપંચ સહિત કુલ 9 સભ્યોએ સહી સાથે સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા દરખાસ્ત કરતી રજૂઆત કરી છે. આગળની કાર્યવાહી નિયમ અનુસાર કરવામાં આવશે.

આ રીતે સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત થતાં ગામનું રાજકારણ ગરમાયું હતું. હવે જોવાનું એ રહ્યું કે અવિશ્વાસ પ્રસ્તાવ મંજૂર થશે કે કેમ?

## વલસાડ જિલ્લામાં વરસાદમાં લોકો હેરાન ન થાય તે માટેનું આયોજન કરાયું

**દિશાની** બેઠકમાં સાસંદે ઢગલાબંધ સૂચનો કર્યા



વલસાડ: લોકસભા દંડક અને વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (દિશા)ની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી સાંસદે તમામ વિભાગોના જિલ્લાના વિકાસલક્ષી યોજનાના કાર્યોની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યાં હતાં. સાંસદે પ્રજાલક્ષી કરેલા સૂચનોમાં ડી.જી.વી.સી. એલ. કંપનીની સમીક્ષા કરી ચોમાસા દરમિયાન હેલ્પલાઈન વ્યવસ્થિત ચાલે, વીજળી જવાના કિસ્સામાં તાત્કાલિક ફોલ્ટ શોધી વીજ પ્રવાહ સ્થાપિત કરવા, ઉપરાંત જિલ્લાની તમામ નગરપાલિકાઓને ચોમાસા દરમિયાન પાણી ભરાવો, ગટર અને સ્વચ્છતાને લગતી કોઈ પણ સમસ્યાઓ ઊભી ન થાય તેની તકેદારી રાખવા, પાણી સમસ્યા નિવારણ અંગે જણાવ્યું હતું. ઉપરોક્ત મુદ્દે સબંધિત વિભાગને સૂચના આપી હતી. બેઠક દરમિયાન વિવિધ કચેરીઓની કામગીરીની સમીક્ષા કરી જરૂરી સલાહ સૂચનો કર્યા હતાં. અનુસૂચિત જાતિ કલ્યાણ અંતર્ગત ડિજિટલ ગુજરાત સ્કોલરશીપ હેઠળ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ સમયસર મળી રહે તેવું આયોજન કરવા, પ્રાકૃતિક કૃષિ અંગે લોકોને જાગૃત કરવા, તાલીમ આપવા આયોજનો કરવા સહિતનાં સૂચનો કર્યાં હતાં. શહેરના બ્યુટિફિકેશન માટે આયોજન કરવા તેમજ જાહેર જગ્યાઓને ઈમ્પ્રુવ કરવાના કાર્યો પર વિશેષ ધ્યાન આપવા જણાવ્યું હતું. જિલ્લામાં ટુરિઝમ ઓપોર્ચ્યુનિટી વધારવા માટે આયોજન કરવા પણ સૂચન કર્યું હતું.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મહાનગર પાલિકાના મેયર દક્ષાબેન પટેલ, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોત સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપીમાં ભાણેજ પર એસિડ એટેકમાં મામાના જામીન નામંજૂર

વલસાડ: વાપીમાં પોતાની કૌટુંબિક ભાણેજ પર એસિડ એટેક કરનાર મામા ભાગી ગયા હતા. જેને પોલીસે 8 વર્ષ બાદ પકડ્યા હતા. જેણે જામીન પર છૂટવા વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીની સુનાવણીમાં સરકારી વકિલ અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ. જી. પંડ્યાએ આરોપીના જામીન નામંજૂર કર્યા હતા. વાપીમાં રહેતી અને દમણ નોકરી કરતી ભાણેજ બીજી કંપનીમાં ઈન્ટરવ્યુ માટે ગઈ એ વાત તેની મિત્રને કરતાં મામા અજયસિંહ રાજપુત અને ભાણેજ શબનમ વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં ઉશ્કેરાઈ જઈ અજયસિંહ રાજપૂતે ભાણેજ પર એસિડ એટેક કર્યો હતો. ત્યારબાદ તે ફરાર થઈ ગયો હતો. વર્ષો પૂર્વે આ રીતે ભાણેજ પર એસિડ એટેક કર્યો તે વખતે ભારે ચકચાર મચી ગઈ હતી.

## વલસાડ અને નવસારી જિલ્લામાં વટ સાવિત્રી પર્વની ઉજવણી



વલસાડમાં અખંડ સૌભાગ્યના પર્વ 'વટ સાવિત્રી વ્રત'ની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓએ વડનું પૂજન કરી અખંડ સૌભાગ્યના આશીર્વાદ માંગ્યા હતાં. વલસાડ ઉપરાંત નવસારી જિલ્લામાં તેમજ દમણ, પારડી, ચીખલી, ગણદેવી, બીલીમોરા અને ખેરગામમાં પણ વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરવામાં આવી હતી.

## દાનહના સિલીમાં પુલનું નિર્માણ ચાલુ, રસ્તો બંધ: લોકો પરેશાન

**વૈકલ્પિક** વ્યવસ્થા આપ્યા વગર જ રસ્તો બંધ કરી દેતા લોકો ત્રસ્ત, કલેક્ટર સમક્ષ રજૂઆત



વાપી: દાદરા અને નગર હવેલીના સિલી ગામના હરદુનપાડા વિસ્તારમાં હાલ ચાલી રહેલા પુલના નિર્માણ કાર્યને લઈને સ્થાનિક ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વિકાસના કામોને ગ્રામજનો આવકારે છે, પરંતુ નિર્માણ કાર્ય દરમિયાન યોગ્ય આયોજનના અભાવે સામાન્ય નાગરિકોની સુવિધા અને સુરક્ષા જોખમમાં મૂકાઈ છે. પુલ નિર્માણને કારણે મુખ્ય રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે, પરંતુ તેની સામે કોઈ પણ વૈકલ્પિક ડાયવર્ઝન આપવામાં આવ્યું નથી. જેના પગલે દૈનિક જીવન પર અસર પડી છે ખાસ કરીને શાળાએ જતા બાળકો, બિમાર દર્દીઓ, ખેડૂતો અને રોજમદાર મજૂરો માટે દૈનિક મુસાફરી કરવી દુષ્કર બની ગઈ છે. રસ્તો બંધ હોવાથી એમ્બ્યુલન્સ કે અન્ય તાત્કાલિક સેવાઓ માટે ગામમાં પ્રવેશવું મુશ્કેલ બન્યું છે, જે ગંભીર પરિસ્થિતિમાં જીવનું જોખમ ઉભું કરી શકે તેમ છે.

આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે સિલી હરદુનપાડાના જાગૃત યુવાનો પ્રભુ સાપટા, અર્જુન પારધી, વિશાલ ધાંગડા, વિકી પટેલ, શુક્કર વરઠા સહિતના ગ્રામજનોએ એકત્ર થઈને દાનહ કલેક્ટર પ્રિયંક કિશોરને રજૂઆત કરી હતી.